એનું નામ ફકીર, જેની મેરું જેવડી ધીર, પ્રસન્ન મનથી ભોગવે પોતે, દુઃખીજનોની પીડ.. વિપત્તિથી એ વણસે નહિ ને પીવે સંતોષના નીર...

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૯૬ | ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૦, શુક્રવાર; અ. આસો સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

નવા કેસ

રાજ્ય	૧૪૦૮
અમદાવાદ	૧૮૩
ગાંધીનગર	૩૯

શેર બજારમાં હાહાકાર

સેન્સેક્સમાં ૧૧૦૦ પોઈન્ટનું ગાબડું

નિફ્ટી પણ ૩૨૬ પોઈન્ટ ગગડીને ૧૧,૦૦૦ની સપાટી તોડી : શેરબજાર તૂટતાં રોકાણકારોના ૧૧ લાખ કરોડનું ધોવાણ થયું : બજારના ૬ઠ્ઠા ટ્રેડિંગ સેશનમાં સેન્સેક્સમાં લગભગ ૨૭૫૦ પોઇન્ટનું મોટું ગાબડું

મુંબઈ,તા.૨૪

શેરબજારની હાલત એકવાર ફરીથી માર્ચ મહિના જેવી બની રહી છે. કેટલાક દિવસોમાં શેરબજારમાં જબરદસ્ત વેચવાલી ચાલી હતી. સપ્તાહના ચોથા દિવસે એટલે કે ગુરુવારે સેન્સસેક્સમાં ૧૧૦૦ પોઈન્ટનો કડાકો પડ્યો છે.

જેમાં સેન્સેક્સ - ૧,૧૧૪.૮૨ અંક એટલે કે ૨.૯૬% ટકા ઘટીને ૩૬,૫૫૩.૬૦ પર બંધ થયો છે. તેમજ બીજી બાજુ, એનએસઈના ૫૦ શેરનો પ્રમુખ ઈન્ડેક્સ નિફ્ટી -૩૨૬.૩૦ પોઈન્ટના ઘટાડા સાથે ૧૦,૮૦૫.૫૫ પર બંધ રહી છે.

બજારમાં આજે ખાસ કરીને ઓટો શેર્સમાં ભારે ધોવાણ થયું હતું. આ સિવાયૅ સેક્ટર્સમાં પણ સેલિંગ પ્રેશર થયું હતું. જેમાં માર્કેટમાં બીએસઈ ઈન્ડેકેસના બધા શેર લાલ નિશાન પર રહ્યાં છે. શેરમાર્કેટ બંધ થવાના છેલ્લા કલાકમાં ઈન્ડસઈન્ડબેંકના શેરમાં ૮ ટકાનો ઘટાડો થયો હતો. તથા બજાજ ફાઈનાન્સ, ટેક મહિન્દ્રા, ટીસીએસ, મહીન્દ્ર અને મહિન્દ્રાના શેર પણ ટોપ લુઝરમાં શામેલ થયા છે. તેમજ ટાટા સ્ટાઈલ, ઈન્ફોસિસ, એક્સિસ બેંક, મારૂતિ, એરટેલના શેરમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. છેલ્લા ૬ છત્રમાં બજારમાં સતત

● અનુસંધાન પાન-૭ પર

કૃષિ બિલના વિરોધમાં વિપક્ષો દ્વારા આજે 'ભારત બંધ'નુ એલાન

પંજાબમાં કૃષિ બિલના વિરોધમાં ખેડૂતોનું રેલ રોકો આંદોલન શરૂ, ૧૪ ટ્રેનો રદ : ૨૪થી ૨૬ સપ્ટેમ્બર ત્રણ દિવસ સુધી ખેડૂતો ઉગ્ર આંદોલન કરશે

ચંડીગઢ/ન્યુ દિલ્હી,તા.૨૪

સંસદમાં સરકારે ત્રણ કૃષિ બિલ પાસ કર્યા છે. તેના વિરુદ્ધમાં ખેડૂતો દ્વારા વિવિધ રાજ્યોમાં ભારત બંધનું એલાન આપ્યું છે. પંજાબ, હરિયાણા, દિલ્હી જેવા રાજ્યોમાં ભારત બંધનું એલાન આપવામાં આવ્યું છે. સંસદના બન્ને ગૃહમાં કૃષિ સંલગ્ન ત્રણ બિલો પસાર કરવામાં આવ્યા હોવાથી તેના વિરોધમાં પંજાબમાં ખેડૂતોનું રેલ રોકો આંદોલન શરૂ થઈ ગયું છે. ગુરુવારથી ત્રણ દિવસનું આ આંદોલન શરૂ કરાયું છે. ખેડૂતોના આક્રમક વલણને જોતા ફીરોઝપુર રેલવે વિભાગ દ્વારા વિશેષ ટ્રેનોને રદ કરી દેવામાં આવી છે. આ

રેલવે સત્તાધીશોએ જણાવ્યું હતું કે ૨૪થી ૨૬ સપ્ટેમ્બર સુધી ૧૪ જેટલી સ્પેશ્યલ ટ્રેનો રદ કરવામાં આવી છે. રેલવેમાં મુસાફરી કરતા યાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં લેતા તેમજ જાહેર સંપત્તિને કોઈ મોટું નુકસાન ના પહોંચે તેને પગલે આ ટ્રેનો રદ કરવાનો નિર્ણય લેવાયો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

રેલવે દ્વારા ગોલ્ડન ટેમ્પલ મેઈલ (અમૃતસર-મુંબઈ સેન્ટ્રલ), જન શતાબ્દી એક્સપ્રેસ (હરિદ્વાર-અમૃતસર), નવી દિલ્હી-જમ્મુ તાવી, કર્મભૂમિ (અમૃતસર-ન્યુ જલપાઈગુડી), સચખંડ એક્સપ્રેસ (નાંદેડ-અમૃતસર) અને શહીદ એક્સપ્રેસ (અમૃતસર-જયનગર)ને રદ કરવામાં આવી હોવાનું રેલવેએ જણાવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

બડગામમાં આતંકી હુમલો : ૧ જવાન શહિદ

બડગામ,તા.૨૪

જમ્મુ કાશ્મીરના બડગામમાં અજ્ઞાત આતંકીઓએ ગુરુવારે સીઆરપીએફ (કેન્દ્રીય રિઝર્વ પોલિસ દળ) પર હુમલો કરી દીધો. જેમાં એક જવાન શહીદ થઈ ગયો છે. આ ઘટના બડગામ જિલ્લાના ચદુરા વિસ્તારની છે. આતંકી હુમલા બાદ સીઆરપીએફનો જવાન ઘાયલ થઈ ગયો હતો ત્યારબાદ તેને ઈલાજ માટે હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યો. જ્યાં જવાનો દમ તોડી દીધો. વળી, એવા સમાચાર પણ છે કે આતંકીઓએ ઘાયલ જવાનના હાથમાંથી રાઈફલ્સ પણ છીનવી લીધી અને ત્યાંથી ભાગી ગયા.

રિપોર્ટ્સ મુજબ હુમલો સવારે લગભગ ૭.૪૫ વાગે થયો હતો. અહીં સીઆરપીએફની તૈનાત યુનિટ પર અચાનક આતંકીઓએ હુમલો કરી દીધો હતો. જ્યારે જવાનો પર આતંકીઓએ ગોળીબાર કર્યો તો એએસઆઈ રેંકના સીઆરપીએફ ઓફિસર ઘાયલ થઈ ગયા હતા. ત્યારબાદ આતંકી તેમની રાઈફલ છીનવીને ત્યાંથી ભાગી ગયા. એક સુરક્ષાકર્મીએ જણાવ્યુ કે આતંકી બાઈક પર સવાર થઈને આવ્યા હતા. હવે આ આતંકીઓને પકડવા માટે વિસ્તારમાં તપાસ કરવામાં આવી રહી છે.

તમને જણાવી દઈએ કે છેલ્લા ૨૪ કલાકમાં બડગામમાં થયેલો આ બીજો આતંકી હુમલો છે. આ પહેલા ગઈ રાતે આતંકીઓએ બ્લૉક ડેવલપમેન્ટ કાઉન્સિલ ચેરમેનની પણ ગોળી મારીને હત્યા કરી દીધી હતી. ભૂપેન્દ્રસિંહ બડગામના ખાગથી બીડીસી ચેરમેન હતા. જમ્મુ કાશ્મીરમાં છેલ્લા અમુક દિવસોમાં સ્થાનિક નેતાઓ પર હુમલાઓની ઘણી ઘટનાઓ સામે આવી છે.

કેન્દ્રીય રેલવે રાજ્ય મંત્રી અંગડીનું કોરોનાથી નિધન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શોક વ્યક્ત કર્યો : ચાર વખતના સાંસદ સુરેશ અંગડીને કોરોનાની સારવાર માટે દિલ્હીની એઈમ્સ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા

નવી દિલ્હી, તા.૨૪

કોરોના વાયરસ સામે લડી રહેલા કેન્દ્રીય રેલ રાજ્ય મંત્રી સુરેશ અંગડીનું બુધવારે નિધન થયું છે. સુરેશ અંગડીને સારવાર માટે દિલ્હીની એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન તેમનું નિધન થયું છે. તેમના નિધનથી તેમના પરિવારની સાથે કેન્દ્રીય મંત્રી મંડળમાં પણ શોકની લાગણી વ્યાપી ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુરેશ અંગડીના નિધન પર શોક વ્યક્ત કરતા ટ્વિટ કરી હતી કે, સુરેશ અંગડી એક અસામાન્ય કાર્યકર્તા હતા જેમણે કર્ણાટકમાં પાર્ટીના મજબૂત બનાવવા માટે તનતોડ મહેનત કરી હતી. તેઓ એક પ્રતિબદ્ધ એમપી અને અસરકારક મંત્રી હતા. તેમના નિધનથી મને ઘણું જ દુઃખ થયું છે. આ દુઃખની ઘડીમાં હું તેમના પરિવાર અને મિત્રોને સાંત્વના પાઠવું છું. ઓમ શાંતિ.

સરકારે ધરેલુ ફ્લાઈટ્સમાં ચેકઈનની મર્યાદા સમાપ્ત કરી

નવી દિલ્હી, તા. ૨૪

સરકારે સ્થાનિક વિમાન મુસાફરો માટે ચેકઈન સામાનની મર્યાદામાં રદ કરી દીધી છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે લોક ડાઉન પછી ૨૫ મેથી ઘરેલું વિમાન ફરી શરૂ થતાં મુસાફરો દીઠ માત્ર એક જ ચેકઈન બેગેજ અને મુસાફર દીઠ એક હેન્ડબેગની મંજૂરી આપી હતી. પરંતુ હવે તેમાં સુધારો કરવામાં આવ્યો છે.

સાતમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

જન્મ તા.૧૯-૦૫-૧૯૩૨ | સ્વર્ગવાસ તા.૨૫-૦૯-૨૦૧૩

સ્વ. નંદલાલ કપુરચંદ ધોળકિયા

સાત સાત વરસના વહાણા વીત્યા... ઘણું બદલાયુ... ઘણું ભુલાયું...!
ન ભૂલાયુ આપનું હર હંમેશ હરખતું મુખ, સ્નેહ નીતરતા નયનો ને
વ્હાલપ જગાડતી વાણી ! સાત વરસમાં ઘણું પામ્યા અમે...
પણ એક કદી ન પુરી શકાય તેવા શુન્યાવકાશ સાથે !
સમય તો વીત્યો - વીતશે પણ આપની અનુભુતિ કદી નહીં વિસ્મરી શકે.
આપની સદાય યાદ ઝંખતા હૈયા... શ્રી ઠાકોરજી ને આપના દિવ્ય આત્માને
શાંતિ આપે તેવી પ્રાર્થના કરીએ છીએ...

ગં.સ્વ.જયાબેન નંદલાલ ધોળકિયા (પત્ની)

કિરીટ નંદલાલ ધોળકિયા (પુત્ર) | બીના કે. ધોળકિયા (પુત્રવધુ)
રાજેશ નંદલાલ ધોળકિયા (પુત્ર) | ફાલ્ગુની આર. ધોળકિયા (પુત્રવધુ)
મનીષ નંદલાલ ધોળકિયા (પુત્ર) | સેજલ એમ. ધોળકિયા (પુત્રવધુ)
રાજેન્દ્રકુમાર સી. માલવિયા (જમાઈ) | નિરંજના આર. માલવિયા (પુત્રી)
અનિલકુમાર એન. શાહ (જમાઈ) | દક્ષા એ. શાહ (પુત્રી)
રોનકકુમાર પરેશભાઈ પારેખ(જમાઈ) | પ્રિયલ આર. પારેખ (પૌત્રી)
દર્શિલ, રાહિલ, હર્ષિલ, કૃણાલ (પૌત્ર)
તથા સમસ્ત ધોળકિયા પરિવાર

ફર્મ : યમુના ટ્રેડર્સ, કુડાસણ, ગાંધીનગર
યમુના એન્જીન્યર્સ એન્ડ કોન્ટ્રાકટર્સ, ગાંધીનગર